નગરપાલિકા નિયામકશ્રી હસ્તકની
ગ્રાન્ટ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ
બોર્ડને તબદીલ કરવા અંગે.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક નપગ/૧૧૨૦૦૬/૬૭૦૨/આર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૧૨/૨/૨૦૦૭

ઠરાવઃ-

રાજ્યની નગરપાલિકાઓના વિકાસ માટે જુદી જુદી યોજના હેઠળ આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. નગરપાલિકાઓને પૂરી પાડવામાં આવતા અનુદાન અંગેની મોટાભાગની યોજના ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ હસ્તક છે. વિભાગની કેટલીક યોજના નગરપાલિકા નિયામકશ્રીની કચેરી હસ્તક છે. નગરપાલિકાઓને આર્થિક સહાય આપવાની કામગીરી અસરકારક રીતે કરી શકાય. સાથોસાથ સરકારી લ્હેણાની વસુલાતની કામગીરી પણ અસરકારક રીતે થઇ શકે તે માટે નગરપાલિકા નિયામકશ્રીની કચેરી હસ્તકની નીચેની યોજનાની કામગીરી નાણાકીય વર્ષ ૨૦૦૭-૨૦૦૮ થી ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડને તબદીલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) માથાદીઠ મુળભુત અનુદાન
(૨) માર્ગ સુધારણા માટેનું અનુદાન
(૩) જમીન મહેસૂલ બીનખેતીની ગ્રાન્ટ
(૪) જમીન મહેસૂલ પાણીના દર તથા ઇરીગેશન અંગેની ગ્રાન્ટ
(૫) શિક્ષણ ઉપકર અનુદાન
(૬) સ્વચ્છતા અભિયાન
(૭) શહેરી સામુહિક વિકાસ પરીયોજના (યુડીસી)
(૮) શહેરી વિસ્તારની પાયાની સેવાઓનો કાર્યક્રમ (યુબીએસ)

ઉકત યોજના હાલે જે શાખા હસ્તક છે તે શાખાઓએ વિભાગની બજેટ શાખાના તા.૧૯/૫/૨૦૦૪ ના ઠરાવ ક્રમાંક પરચ/૧૦૨૦૦૬/૬૪૪/બ થી આપેલ સૂચના મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે.

નગરપાલિકાઓએ તથા મહાનગરપાલિકાઓએ તેમની દરખાસ્તો ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડને કરવાની રહેશે.

આ ઠરાવનો અમલ તા.૧/૪/૨૦૦૭ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સી.એમ.ગોહિલ )
ઉપસચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

પ્રતિ,

- સર્વે અધિકારીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશનરશ્રી, સર્વે મહાનગરપાલિકા.
- નગરપાલિકા નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર.
- સર્વે જીલ્લા કલેકટરશ્રી.
- પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ.
- મુખ્ય અધિકારીશ્રી, સર્વે નગરપાલિકા.
- એ.જી. ઓડીટ-૧, અમદાવાદ.
- એ.જી (એકા. એન્ડ એન્ટા) અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- પ્રમુખશ્રી, ગુજરાત નગરપાલિકા પરિષદ, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી (ધ, બ, થ, પ, મ અને વ શાખા) શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગ, સચિચવાલય, ગાંધીનગર
- મદદનીશ પસંદગી ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ